વિકલાંગોને ઓળખપત્રો કાઢી આપવા બાબત.

બી.પી.એલ. ઉમેદવારોને આવકના પ્રમાણપત્રમાંથી મુકિત આપવા બાબત.

ગુજરાત સરકાર
ક્રમાંક:અપગ—૧૦૨૦૦૭—૭૧૮—છ.૧
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
સચિવાલય, ગાંધીનગર.

તા.૧૦/૯/૨૦૦૭

વંચાણમાં લીધા: (૧) સમાજકલ્યાણ વિભાગનો તા.૨૯.૧૦.૮૬નો ઠરાવ ક્રમાંક:અપગ—૧૦૮૪—૫૬૩૧(૮૬)—છ,-
(૨) નિયામક, સમાજ સુરક્ષા ખાતાનો તા.૩.૫.૨૦૦૭નો પત્ર ક્રમાંક:અપગ/વિ.ઓખળપત્ર/૦૭—૦૮

## // પ્રસ્તાવના //

આ વિભાગ હસ્તકના સમાજ સુરક્ષા ખાતા ધ્વારા વિકલાંગ વ્યકિતઓને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મળી શકે તે માટે વિકલાંગ વ્યકિતઓને સમાજ સુરક્ષા ખાતા ધ્વારા ઓળખપત્રો કાઢી આપવામાં આવે છે. વિકલાંગો માટેની જુદી જુદી યોજનાઓની જોગવાઈઓ અનુસાર તથા આ અંગેની માર્ગદર્શક સૂચનાઓને અનુરૂપ આ કાર્યવાહી કરવામાં આવે છે. અનુભવે એવું જણાયું છે કે, જે વિકલાંગ વ્યકિતઓનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા વિકલાંગ વ્યકિતઓ પાસેથી પણ આવકના પ્રમાણપત્રો માંગવામાં આવે છે. એક અથવા બીજા કારણોસર આવા આવકના પ્રમાણપત્રો મેળવવામાં પડતી મુશ્કેલીઓ નિવારવા અને વિકલાંગોને રાજ્ય સરકારની યોજનાઓનો લાભ સરળતાથી આપી શકાય તે હેતુસર બી.પી.એલ. યોજનામાં સમાવિષ્ટ થતાં લાભાર્થી વિકલાંગોને આવકના પ્રમાણપત્રો રજૂ કરવામાંથી મુકિત આપવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

## // ઠરાવ //

રાજ્ય સરકાર જરૂરી વિચારણા અંતે ઠરાવે છે કે, જે વિકલાંગ વ્યકિતઓનો સમાવેશ બી.પી.એલ. યાદીમાં થયેલ હોય તેવા વિકલાંગ વ્યકિતઓને ઓળખપત્ર મેળવવા માટે આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે નહી.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાએ ગ્રામ વિકાસ વિભાગ તરફથી તૈયાર કરેલ બી.પી.એલ. કુટુંબોની વિગતો વેબસાઈટ ઉપરથી ખરાઈ કરીને અથવા આ અંગે લાભાર્થી તરફથી રજૂ કરવામાં આવેલ બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ થવા અંગેના

આધારભૂત પૂરાવા લક્ષમાં લઈને બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ હોય તેવા વિકલાંગ વ્યકિતઓને ઓળખપત્રો કાઢી આપવાની કાર્યવાહી કરવી.

આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે. આ હુકમો નાણાં વિભાગની તા.૨૯.૮.૦૭ના રોજ મળેલી સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પી.એમ. પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (×)
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર. // ૩ //
- સર્વે માનનીય મંત્રીશ્રીઓ/સર્વે માનનીય રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય વહીવટી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ, 'વાહનવ્યવહાર ભવન', મધ્યસ્થ કાર્યાલય, આસ્ટોડીયા, અમદાવાદ. (×)
- વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- **નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર... યોગ્ય અમલીકરણ માટે.**
- સચિવાલયના સર્વે વિભાગો.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ. (×)
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર. (×)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા મારફત)
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, બ્લોક નં.૭, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (આ અંગે બહોળી પ્રસિધ્ધિ માટે જરૂરી પ્રેસ–નોટ આપવાની વિનંતી સાથે)
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ
- પસંદગી ફાઈલ/'છ.૧' શાખા / 'છ' શાખા
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.

જા.નં.સમસ/ઓ.કાર્ડ/૦૭-૦૮/૩૯૫૮
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં.૧૬, જુના સચિવાલય, ગાંધીનગર.
તા.૧૧-૯-૨૦૦૭

નકલ સવિનય રવાના:
(×) ટપાલ મારફત
૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.
૨) વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રે કાર્ય કરતી સર્વે સ્વૈચ્છિક સંસ્થાઓ.
૩) સંબધિત ફાઈલ.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર